ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૮-૦૯-૨૦૨૨

- **ગુજરાત પ્રદેશ સંગઠનની રચના માટે રાષ્ટ્રીય અધ્યક્ષા આદરણીય શ્રીમતિ સોનિયા ગાંધીજીને સત્તા આપતો સર્વાનુમત્તે ઠરાવ થયો.**
- **મોંઘવારી, બેરોજગારી સહિતની નાગરિકોને પરેશાન કરતી મુશ્કેલીઓ તેમજ આદરણીય રાહુલ ગાંધીજી દ્વારા આપવામાં આવેલા જનલક્ષી 'આઠ વચનો' ની વિગતો આપતું 'નાગરિક અધિકાર પત્રક' નું તાલુકા દીઠ – બુથ દીઠ વિતરણ**
- **સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગર આવતા આંદોલનકારીઓ – આગેવાનોને રહેવા માટે સુવિધા આપવા કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓના નિવાસ 'એમ.એલ.એ. ક્વાટર્સ' ઉપલબ્ધ કરાશે**
- **ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ સ્થાને ભારતના ભવિષ્ય અને યુવાનોના અવાજ એવા આદરણીય રાહુલ ગાંધીજીને બનાવવાની માંગ**
-

ગુજરાત વિધાનસભા 2022 ની ચૂંટણીમાં 125 બેઠકના વિજય સંકલ્પ સાથે રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત કોંગ્રેસની 'પ્રદેશ કારોબારી' ની વિશેષ બેઠક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. પ્રદેશ કારોબારીમાં લેવાયેલા નિર્ણય – ઠરાવો બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ સંગઠનની રચના માટે રાષ્ટ્રીય અધ્યક્ષા આદરણીય શ્રીમતિ સોનિયા ગાંધીજીને સત્તા આપતો ઠરાવ સર્વાનુમત્તે થયો હતો. ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા એ આદરણીય સોનિયા ગાંધીજીને સત્તા આપતો પ્રસ્તાવ પ્રદેશ કારોબારીમાં મુક્યો હતો, જે પ્રસ્તાવને સમર્થન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા અને શ્રી સિધ્ધાર્થ પટેલે કર્યું હતું. વિસ્તૃત પ્રદેશ કારોબારીની બેઠકમાં હાથ ઉંચો કરીને ઠરાવને અનુમોદન આપ્યું હતું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા નિમાયેલ સંગઠનની ચૂંટણીના પી.આર.ઓ. શ્રી શોભા ઓઝાજી, શ્રી શાકીર સદાનીની ઉપસ્થિતીમાં સર્વાનુમત્તે પસાર થયેલ ઠરાવ સુપ્રત કરાયો હતો. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ સ્થાને ભારતના ભવિષ્ય અને યુવાનોના અવાજ એવા આદરણીય રાહુલ ગાંધીજીને બનાવવાની માંગ કરાઇ હતી. જેને કારોબારીના તમામ ઉપસ્થિત ડેલીગેટોએ તાળીઓના ગડગડાટથી અનુમોદન આપ્યું હતું.

મોંઘવારી, બેરોજગારી, અણઘડ વહિવટ, ભ્રષ્ટાચાર, ખાડે ગયેલ અર્થવ્યવસ્થા, ગુજરાતમાં ચાલી રહેલા જુદા જુદા આંદોલનો સહિતના મુદ્દાઓને ધ્યાને રાખીને કોંગ્રેસ પક્ષ આગામી દિવાળી સુધીના તમામ કાર્યક્રમોનું આયોજન નક્કી કર્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જનજન સુધી મોંઘવારી, બેરોજગારી સહિતની નાગરિકોને પરેશાન કરતી મુશ્કેલીઓ તેમજ આદરણીય રાહુલ ગાંધીજી દ્વારા આપવામાં આવેલી જનલક્ષી આઠ વચનો વિશેની વિગતો આપતી

‘નાગરિક અધિકાર પત્રિકા’ નું તાલુકા દીઠ – બુથ દીઠ વિતરણ પ્રદેશ કાર્યાલયથી કરવામાં આવ્યું હતું. ગુજરાતના તમામ 52000 થી વધુ બુથો ઉપર એક સાથે કામગીરી શરૂ કરાશે. સાથોસાથ વિશાળ જનસંપર્ક માટે દરેક તાલુકાઓમાં 75 બાઈક સાથેની યાત્રાઓની તારીખો નક્કી કરાશે. માતાજીને આરાધના કરવાનું  પાવનપર્વ નવરાત્રીના 9 દિવસ દરમ્યાન પણ જુદા જુદા કાર્યક્રમો નક્કી કરવામાં આવશે.

ગુજરાતમાં ચાલી રહેલા નિવૃત્ત સૈનિકોનું આંદોલન, આરોગ્ય કર્મચારીઓ, શિક્ષકો, સરકારના જુદા જુદા વિભાગના કર્મચારીઓનું આંદોલન, આંગણવાડીની આશા વર્કરો, ફિક્સ પગાર – આઉટ સોર્સીંગના કર્મચારીઓ, બેરોજગાર યુવાનો, માલધારી સમાજ, ખેડૂતો સહિતના જુદા જુદા આંદોલનોમાં સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગર આવતા આંદોલનકારીઓ – આગેવાનોને રહેવા માટે સુવિધા આપવા કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓના નિવાસ સ્થાન ‘એમ.એલ.એ. ક્વાટર્સ’ ઉપલબ્ધ કરાશે. પોતાના યોગ્ય માંગણીઓ, હક્ક - અધિકાર માટે સંઘર્ષ કરતા ગુજરાતના તમામ લોકો સાથે કોંગ્રેસ પક્ષ સાથે રહ્યો છે અને રહેશે. કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને સામાજિક સુરક્ષા માટે ‘જુની પેન્શન યોજના’ સંપૂર્ણ પણે લાગુ કરાશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રદેશ કારોબારીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, એ.આઈ.સી.સી.ના પ્રવક્તા અને રાજ્ય સભાના સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ, ડૉ. અમી યાજ્ઞિક, શ્રી નારણભાઈ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, ગુજરાત કોંગ્રેસના સંગઠન સહપ્રભારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, એ.આઈ.સી.સી.ના પદાધિકારીશ્રીઓ, પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, ફ્રન્ટલના વડાશ્રીઓ, શહેર - જીલ્લા - તાલુકા પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા